
ડાંગના 'નાયગ્રા' ગીરાધોધ અને 'ગિરમાળ ધોધ' સહિતના જળપ્રપાતો પ્રવાસીઓને કરી રહ્યા છે આકર્ષિત

# ચોમાસામાં ખીલ્યુ ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય

**સહ્યાદ્રિ** પર્વતમાળાઓ વચ્ચે શ્વેતધારા સમાન વહેતા જળધોધ જોવા પર્યટકો ઉમટ્યા

**રૂ. ૨.૧૫** કરોડના ખર્ચે સ્થાનિકોને રોજગારી પૂરી પાડતું તંત્ર, નદીમાં ન્હાવા પર કડક પ્રતિબંધ





ગિરીશ ભોયે

સાપુતારા : ચોમાસાની ભીની ઋતુમાં ડાંગ અને સાપુતારાનું પ્રાકૃતિક સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. પ્રવાસીઓમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર વઘઈ નજીક આંબાપાડાનો 'ગીરાધોધ' બન્યો છે, જેને ડાંગના 'નાયગ્રા ધોધ' તરીકે ઓળખવામાં આવે છે. સહ્યાદ્રિ પર્વતમાળામાંથી નીકળતી અંબિકા નદી અહીં કાળમીંઢ પથ્થરો પરથી ૧૦૦ ફૂટ નીચે ખાબકે છે ત્યારે મધ્યપ્રદેશના સુપ્રસિદ્ધ 'ધુંઆધાર વોટરફોલ' જેવો મનમોહક નજારો સર્જાય છે. હવામાં ઊડતી પાણીની નાની બુંદો અને ધૂમ્રશેર પર્યટકોને આહલાદક અનુભવ કરાવે છે.

પ્રકૃતિપ્રેમીઓને પાયાની સુવિધાઓ આપવા માટે રાજ્ય સરકારના પ્રવાસન મંત્રાલયે અહીં નોંધપાત્ર કામગીરી કરી છે. ગત વર્ષોમાં રૂ. ૨.૧૫ કરોડના ખર્ચે 'સોવેનિયર શોપ સંકુલ' તૈયાર કરવામાં આવ્યું છે. દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા પી.પી.પી. (PPP) ધોરણે આ દુકાનોનું સંચાલન સ્થાનિક સહકારી મંડળીને સોંપીને ૩૨ ગરીબ પરિવારોને સીધી રોજગારી પૂરી પાડવામાં આવી છે. અહીં પ્રવાસીઓ સ્થાનિક હસ્તકલા અને વાનગીઓનો આનંદ માણી શકે છે.

જોકે, ધોધની સુંદરતા માણવાની સાથે સુરક્ષા પણ એટલી જ મહત્વની છે. ભૂતકાળમાં ઉત્સાહ અને બેદરકારીને કારણે ૨૨ લોકો અહીં પોતાનો અમૂલ્ય જીવ ગુમાવી ચૂક્યા છે. આથી, વહીવટી તંત્રે નદી કે ધોધના પાણીમાં ઉતરવા કે ન્હાવા પર કડક પ્રતિબંધ ફરમાવતા ચેતવણી બોર્ડ લગાવ્યા છે.

### ગુજરાતનો સૌથી ઊંચો 'ગિરમાળ ધોધ' (300 ફૂટ) આકર્ષણ જગાવી રહ્યો છે

વઘઇના ગીરાધોધ ઉપરાંત, ગુજરાતનો સૌથી ઊંચો 'ગિરમાળ ધોધ' (૩૦૦ ફૂટ) પણ ભારે આકર્ષણ જગાવી રહ્યો છે. આ ધોધના રસ્તે આવતો પૂર્ણા નદીનો 'સી વ્યૂ' મુલાકાતીઓને વન્યજીવ અભયારણ્યનો અદભુત એરિયલ વ્યુ આપે છે. આ સિવાય, આહવા નજીકના શિવ ઘાટ, યોગેશ્વર ઘાટ, તેમજ મહાલ વોટરફોલ, બારદા ધોધ, દ્રોણ ધોધ, અંજની ધોધ અને સ્ટેપ ધોધ જેવા અનેક નાના-મોટા નામી-અનામી ધોધ ડાંગના જંગલોમાં વહી રહ્યા છે. ઊંચા પહાડો પરથી ખીણમાં ખાબકતી આ શ્વેત દુગ્ધધારાઓ અને વાદળોની સંતાકૂકડી ડાંગના સૌંદર્યને ચાર ચાંદ લગાવે છે.



# દુધિયા તળાવથી ટેક્નિકલ સ્કૂલનો રોડ દબાણમુક્ત કરાયો

**નવસારી** મનપાની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ

**ટ્રાફિક** સમસ્યા હળવી થશે, મેયરની ઉપસ્થિતિમાં ડિમોલિશનની કામગીરી

નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના ટ્રાફિકને વધુ સુગમ બનાવવા દુધિયા તળાવથી ટેકનિકલ સ્કૂલ સુધીના મુખ્ય માર્ગ પર બંને બાજુ આવેલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહી મેયર અશોકભાઇ ધોરાજીયાની ઉપસ્થિતિમાં શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

આ કામગીરી દરમિયાન ડેપ્યુટી કમિશનર જે. યુ. વસાવા, એસ્ટેટ વિભાગ અને દબાણ નિયંત્રણ શાખાના અધિકારીઓ પણ સ્થળ પર હાજર રહ્યા હતા. જરૂરી સ્ટાફ અને મશીનરીની મદદથી માર્ગ પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ આ માર્ગ પર દબાણોના કારણે વાહનવ્યવહાર અને રાહદારીઓને મુશ્કેલી પડતી હતી. દબાણો દૂર થતાં હવે માર્ગ વધુ પહોળો અને અવરોધમુક્ત બન્યો છે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા છે.

કાર્યવાહી દરમિયાન સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ સહકાર આપતા સમગ્ર કામગીરી કોઈપણ પ્રકારના વિરોધ વિના સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. મહાનગરપાલિકાએ નાગરિકોના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુરુકુલ સુપા ટ્રસ્ટ વિવાદ: સુધારેલા બંધારણને મંજૂરીનો ઇનકાર કરાયો

**પૂરતા** પુરાવા અને પારદર્શિતાના અભાવે ફેરફારો ફગાવાયા

**ટ્રસ્ટીઓની** નિમણૂક અને ચૂંટણી પ્રક્રિયામાં કાયદાકીય ખામીઓ જણાતા મદદનીશ ચેરિટી કમિશનરનો મોટો નિર્ણય

નવસારી : લાંબા સમયથી વિવાદમાં રહેલા ગુરુકુલ સુપા ટ્રસ્ટ મામલે નવસારીના મદદનીશ ચેરિટી કમિશનરે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. ટ્રસ્ટી ફેરફાર રિપોર્ટ નં. 112/2024 સહિત સંબંધિત ફેરફાર રિપોર્ટોને મંજૂરી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. સાથે જ ટ્રસ્ટ દ્વારા રજૂ કરાયેલા સુધારેલા બંધારણને પણ મંજૂરી મળી નથી.

કારણદર્શક હુકમમાં જણાવાયું છે કે ટ્રસ્ટના નોંધાયેલા બંધારણ, રજૂ થયેલા દસ્તાવેજો, બંને પક્ષોની દલીલો અને લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓનું વિગતવાર મૂલ્યાંકન કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રસ્ટીઓની નિમણૂક પ્રક્રિયા, સભ્ય યાદી, ચૂંટણી પ્રક્રિયા તેમજ ફેરફાર રિપોર્ટ દાખલ કરવાની કાયદેસરની પ્રક્રિયા સહિતના મુદ્દાઓની તપાસ દરમિયાન રજૂ કરાયેલા ફેરફારોને સમર્થન આપતા પૂરતા આધાર મળી આવ્યા ન હતા.

મદદનીશ ચેરિટી કમિશનરે પોતાના હુકમમાં જાહેર ટ્રસ્ટોના સંચાલનમાં નોંધાયેલા બંધારણનું પાલન, પારદર્શિતા અને કાયદાકીય પ્રક્રિયાનું ચુસ્ત અનુસરણ અનિવાર્ય હોવાનું પણ સ્પષ્ટ કર્યું છે. જરૂરી પુરાવા અને આધારના અભાવે ફેરફાર રિપોર્ટ તથા સુધારેલા બંધારણને મંજૂરી આપી શકાય તેમ ન હોવાનું નોંધાયું છે.

હુકમ અનુસાર જરૂરી નોંધો પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટરમાં કરવામાં આવશે અને કેસમાં અમલમાં રહેલા વચગાળાના આદેશો પણ સમાપ્ત થશે. જોકે, આ નિર્ણયથી અસંતુષ્ટ કોઈપણ પક્ષને કાયદા મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં જોઈન્ટ ચેરિટી કમિશનર, સુરત સમક્ષ અપીલ કરવાનો અધિકાર યથાવત રહેશે.

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે નહિ મરે

# સોનું છોડાવવાના બહાને જ્વેલર્સ સાથે ૧.૨૫ લાખની છેતરપિંડી

**ફાઇનાન્સ** કંપનીમાંથી ગોલ્ડ છોડાવવાનું કહી વેપારી પાસેથી રોકડા લીધા

**બેંકમાં** ડિપોઝિટ કરાવ્યા બાદ માતાની સહી કરાવવાના બહાને બાઇક સવાર હેલ્મેટધારી શખ્સ ફરાર

ઘેજ : ચીખલી તાલુકામાં ચોરીના કિસ્સામાં છાશવારે વધારો જોવા મળી રહ્યો છે. તાલુકામાં સોમવારની બપોરના સમયે ચીખલીમાં આવેલી એક જ્વેલર્સની દુકાનમાં હેલ્મેટ પહેરી આવેલા શખ્સે પોતાનું નામ હુસેન જણાવી કહ્યું હતું કે મારું સોનુ (ગોલ્ડ) એચડીબી ફાયનાન્સમાં મૂકેલું છે. અને આ સોનુ છોડાવી તમને વેચવાનું છે જણાવી જ્વેલર્સ સંચાલક પાસેથી ૧,૨૫,૦૦૦ રૂપિયા લઇ સંચાલક સાથે એસબીઆઈ બેંકમાં પૈસા ડિપોઝીટ કરાવ્યા બાદ આ સોનું (ગોલ્ડ) એચડીબી ફાયનાન્સમાં મુકેલ છે. કહી જ્વેલર્સ સંચાલક સાથે દભાડ મહોલ્લા સ્થિત ફાઈનાન્સમાં જઇ જણાવેલું કે મારા મમ્મીની સાઈન કરાવવાની છે જેથી હું એને લઈને આવું તેમ જણાવી ત્યાંથી રફુચક્કર થઈ ગયા બાદમાં ફોન કરતા ફોન રિસીવ ન કરતા છેતરપિંડી થયાનું જણાતા જ્વેલર્સ સંચાલકે સમગ્ર મામલે પોલીસ મથકે જઇ લેખિતમાં અરજી આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

જોકે આ શખ્સ સવારથી બજારમાં જ્વેલર્સ તેમજ અન્ય દુકાનોમાં જઇ પોતાની ખોટી ઓળખ તેમજ ખોટા પુરાવાઓ બતાવી છેતરપિંડી આચરતો હોવાનું જાણવા મળ્યું હતું. થોડા દિવસ પૂર્વે ચીખલી પંથકમાં એક મોબાઈલ સંચાલક પાસે જઇ મારા પિતા વકીલ છે. અને વિજયનગર શોપિંગ સેન્ટર ખાતે વકીલની ઓફીસ ધરાવતા હોવાનું જણાવી ત્યાંથી પણ મોબાઈલ ફોન લઈ ફરાર થઇ ગયો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ત્યારે સમગ્ર બાબતે પોલીસે તટસ્થ તપાસ હાથ ધરી આવા છેતરપિંડી કરનારાઓ ઠગભગતો પર લગામ લગાવે તો અનેક નિર્દોષ લોકો છેતરપિંડીના ભોગ બનતા બચી શકે તેમ છે.

# ડાભેલની મદ્રેસામાંથી ગુજરાત ATS એક યુવકને ઉચકી ગઇ

**રથયાત્રા** પૂર્વે નવસારીમાં એટીએસની કાર્યવાહી

નવસારી : આગામી રથયાત્રાને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે ગુજરાત એટીએસ (ATS) દ્વારા મંગળવારે નવસારી જિલ્લાના ડાભેલ ગામમાં આવેલી એક મદ્રેસામાં તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મૂળ પાલનપુરનો અને છેલ્લા કેટલાક સમયથી ડાભેલની મદ્રેસામાં અભ્યાસ કરતો એક યુવાન પૂછપરછ માટે એટીએસ પોતાની સાથે લઈ ગઈ હતી. આ કાર્યવાહી દરમિયાન નવસારી એસઓજી (SOG)ની ટીમ પણ જોડાઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, સુરતના સચિન વિસ્તારમાં આવેલી એક મદ્રેસામાંથી પણ એક યુવાનને પૂછપરછ માટે લઈ જવાયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, બંને કાર્યવાહી અંગે એટીએસ દ્વારા કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી-2026માં ગુજરાત એટીએસે રાજ્યના વિવિધ વિસ્તારોમાં એક આતંકવાદ વિરોધી અભિયાન અંતર્ગત કાર્યવાહી કરી હતી, જેમાં નવસારીમાંથી પણ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, હાલની કાર્યવાહીને તે કેસ સાથે કોઈ સંબંધ છે કે નહીં તે અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. હાલ સમગ્ર મામલે એટીએસ દ્વારા તપાસ ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ વધુ વિગતો સ્પષ્ટ થશે.

# ડાંગની શાળાઓનાં કર્મીઓ 4 મહિનાથી પગાર વગર

**અચાનક** અટકી ગયેલા પગારના કારણે આર્થિક સંકળામણનો સામનો કરતા કર્મચારીઓ

સાપુતારા : રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં નિયામક આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળાઓના કર્મચારીઓ છેલ્લા ચાર મહિનાથી પગાર વગર કામ કરી રહ્યા છે. અચાનક અટકી ગયેલા પગારના કારણે કર્મચારીઓ આર્થિક સંકળામણનો સામનો કરી રહ્યા છે. ઘરનું કરિયાણું, દૂધ અને શાકભાજી જેવા રોજિંદા ખર્ચથી લઈને બાળકોની સ્કૂલ ફી અને બીમારીના સમયે તબીબી ખર્ચને પહોંચી વળવા માટે કર્મચારીઓએ દેવું કરવાનો વારો આવ્યો છે. સતત ચાર મહિનાથી પગારની રાહ જોઈને બેઠેલા આ કર્મચારીઓ હવે માનસિક અને આર્થિક રીતે ભારે મુશ્કેલીઓની સ્થિતિમાં મુકાયા છે. તંત્ર કે સંબંધિત વિભાગ દ્વારા શા માટે પગાર અટકાવી રાખવામાં આવ્યો છે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી. તહેવારો અને સામાન્ય દિવસોમાં વેતન વગર કામ કરતા કર્મચારીઓમાં રોષ અને નિરાશા વ્યાપી ગઈ છે. કર્મચારીઓએ તંત્ર સામે હકનો પગાર ચૂકવવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

# નવસારીના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે મેયર અને કમિશનર

**પાણી** નિકાલ અને સફાઇ કામગીરી ઝડપી કરવા સૂચના આપી

નવસારી : ભારે વરસાદ બાદ શહેરમાં સર્જાયેલી પાણી ભરાવા, ગટર અને સફાઈ સંબંધિત સમસ્યાઓની સમીક્ષા માટે નવસારી મહાનગરપાલિકાના મેયર અશોક ધોરાજીયા અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયએ મંગળવારે વિવિધ વિસ્તારોની મેદાની મુલાકાત લીધી હતી.

બંદર રોડ, ડમ્પિંગ સાઈટ, જૈવિક કચરા પ્રોસેસિંગ પ્લાન્ટ, એમઆરએફ સેન્ટર, ખોપડી ચાલ, નીલમ કોમ્પ્લેક્સ, શાહ ડેરીથી પ્રકાશ ટોકીઝ રોડ, રિંગ રોડ તેમજ દુધિયા તળાવ શાકભાજી માર્કેટ પાછળના વિસ્તારનું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓને પાણીના નિકાલ, ગટર સમસ્યાના નિવારણ અને સફાઈ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન રેલવે અન્ડરપાસમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા જરૂરી આયોજન કરવા તેમજ ભવિષ્યમાં આવી સમસ્યાઓ ટાળવા યોગ્ય પગલાં લેવા પણ સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત શાકભાજી માર્કેટને રંગ વિહાર વિસ્તારમાં સ્થળાંતર કરવાની શક્યતા અંગે પણ સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ વરસાદ બાદ નાગરિકોને પડતી મુશ્કેલીઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા અને શહેરમાં સ્વચ્છતા તથા સુવ્યવસ્થિત પાણી નિકાલની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

# ડાંગના લવચાલીમાં નબળા CC રોડના કામમાં ભ્રષ્ટાચારની ગંધ

**રોષે** ભરાયેલા ગ્રામજનોએ લેબોરેટરી તપાસ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં આવેલી લવચાલી ગ્રામ પંચાયતમાં હાલમાં ચાલી રહેલી સી.સી. રોડની કામગીરી ભારે વિવાદમાં સપડાઇ છે. રોડ બનાવવાના કામમાં ગુણવત્તાના નિયમો નેવે મૂકીને તદ્દન હલકી ગુણવત્તાવાળી સામગ્રી વાપરવામાં આવી રહી હોવાના કારણે સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, ચોમાસાની ભીની મોસમ વચ્ચે પણ રોડનું કામ અત્યંત ઉતાવળે પૂરું કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ કામમાં સિમેન્ટ, કપચી કે અન્ય જરૂરી મટિરિયલ યોગ્ય માત્રામાં વાપરવામાં આવતુ ન હોવાથી રોડના આયુષ્ય અને મજબૂતાઈ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોનું માનવું છે કે જો શરૂઆતથી જ આવી બેદરકારી રખાશે, તો ટૂંક સમયમાં જ આ નવો રોડ ધોવાઈ જશે અને બિસ્માર બની જશે. ગામનાં સરપંચે આ સીસી માર્ગને ધારા ધોરણ વગર માટી પર પાથરી નકરી વેઠ જ ઉતારી છે. સરકાર દ્વારા ગ્રામીણ વિકાસના કાર્યો માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે, પરંતુ અહીં વિકાસના બહાને સરકારી નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ભ્રષ્ટાચારના આ ગંભીર આક્ષેપો વચ્ચે લોકોમાં સરકારના વિકાસકાર્યો પ્રત્યેની વિશ્વસનીયતા પણ જોખમાઈ છે. આ સમગ્ર મામલે આક્રોશિત બનેલા ગ્રામજનોએ હવે આ વિવાદમાં ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની માંગ કરી છે. લોકોની માંગણી છે કે સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ સ્થળ નિરીક્ષણ કરે, ત્યાં વપરાતા મટિરિયલના નમૂના લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલે અને જો આમાં કોઈ ગેરરીતિ કે ભ્રષ્ટાચાર જણાય તો કોન્ટ્રાક્ટર તેમજ બેદરકાર અધિકારીઓ વિરુદ્ધ આકરાં પગલાં લેવામાં આવે.

# વાપીમાં સગીરા સાથે લગ્નની લાલચે દુષ્કર્મ

વાપી : વાપી વિસ્તારમાં રહેતી 17 વર્ષીય સગીરાને 22 વર્ષીય યુવકે પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. તેણે વિશ્વાસમાં લઈ સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાની જાણ સગીરાના પરિવારજનોને થતાં તેમણે તાત્કાલિક વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે, યુવક વાપીમાં પોતાના મોટા ભાઈ સાથે રહે છે અને છૂટક મજૂરી કામ કરે છે. ફરિયાદના આધારે પોલીસે પોકસો (POCSO) સહિત સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# 'સુગર એન્ડ સ્પાઈસ'ના મેનેજર સામે ગુનો

**સીસીટીવી** બંધ રાખવા બદલ મેનેજર સામે સાપુતારા પોલીસમાં ફરિયાદ

**ડાંગ** કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી

સાપુતારા : ગુજરાતના પ્રસિદ્ધ હિલ સ્ટેશન સાપુતારામાં આવેલી 'સુગર એન સ્પાઈસ' રેસ્ટોરન્ટ સામે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનું ઉલ્લંઘન કરવા બદલ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. પ્રવાસન સ્થળ પર કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ૯ જૂન ૨૦૨૬થી ૭ ઓગસ્ટ ૨૦૨૬ સુધી તમામ મહત્વના સ્થળો પર સીસીટીવી કેમેરા ચાલુ રાખવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.જે.કે.બારીયાની ટીમ આ આદેશનાં પાલન અંગે ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરનાં અરસામાં પેટ્રોલિંગમાં હતી. આ તપાસ દરમિયાન બપોરે પોણા ચાર વાગ્યાની આસપાસ પોલીસ ટીમ જ્યારે 'સુગર એન સ્પાઈસ' રેસ્ટોરન્ટ પર પહોંચી, ત્યારે ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરા બંધ હાલતમાં મળી આવ્યા હતા.

નિયમોના ભંગ બદલ પોલીસે તાત્કાલિક સ્થાનિક પંચોને સ્થળ પર બોલાવીને ઈ-સાક્ષ્ય એપ્લિકેશન દ્વારા જરૂરી ફોટોગ્રાફી તેમજ વિડિયોગ્રાફી કરી કાયદેસરનું પંચનામું તૈયાર કર્યું હતું. આ બેદરકારી બદલ પોલીસે રેસ્ટોરન્ટના ૩૯ વર્ષીય મેનેજર અમિતકુમાર રેમ રામનારાયણ સિંહ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે સાપુતારા પોલીસ સ્ટેશનના એએસઆઈ સંજયભાઈ ભોયે તપાસ ચલાવી રહ્યા છે.વધુમાં રેસ્ટોરન્ટનાં કેમેરા બંધ રહેવા પાછળ કોઈ અન્ય શંકાસ્પદ કે ગંભીર બાબત જવાબદાર છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

